પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩૯ | ૨૯ જુલાઈ, ૨૦૨૨, શુક્રવાર; શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હવે ઈરાકમાં પણ રાજકીય અસ્થિરતા

## ઈરાકમાં ભ્રષ્ટાચાર તથા કુશાસનથી પરેશાન જનતાએ સંસદ ભવનમાં કબજો જમાવ્યો, સંસદ ભવનમાં તોડફોડ




નવી દિલ્હી, તા.૨૮

છેલ્લા કેટલાક મહિનાઓથી એશિયા તથા યુરોપના કેટલાક પ્રમુખ દેશોમાં રાજકીય અસ્થિરતાનો દોર ચાલી રહ્યો છે. ત્યારે હવે આ યાદીમાં વધુ એક નામ પણ જોડાઈ ગયું છે. ઈરાકની રાજકીય સ્થિતિ પણ શ્રીલંકા જેવી બની રહી છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ ભારતના પાડોશી દેશ શ્રીલંકામાં પણ ભારે હંગામા બાદ ત્યાં નવા રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાનની ચૂંટણી સંપન્ન કરાઈ હતી. બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને પણ પોતાના પદ પરથી રાજીનામુ આપવું પડ્યું છે જ્યારે ઈટાલીના વડાપ્રધાને પણ પોતાનું પદ છોડવું પડ્યું છે.

બુધવારે સેંકડો પ્રદર્શનકારીઓએ ઈરાકની રાજધાની બગદાદ ખાતે સંસદ ભવન પર કબજો જમાવ્યો હતો. જોકે ઈરાકમાં થઈ રહેલા પ્રદર્શનમાં જાન-માલનું કોઈ નુકસાન નથી નોંધાયુ.

ઈરાકમાં ભ્રષ્ટાચાર તથા કુશાસનથી પરેશાન જનતાએ સંસદ ભવનમાં કબજો જમાવ્યો હતો. આ ઉપરાંત તેમણે સંસદ ભવનમાં તોડફોડ પણ કરી હતી.

મૌલવી અલ-સદરના જૂથે ગત વર્ષે ઓક્ટોબર મહિનામાં ઈરાકની સામાન્ય ચૂંટણીમાં ૭૩

● અનુસંધાન પાન-૭ પર

# ઈડીની કાર્યવાહી બાદ પાર્થ ચેટર્જીને મંત્રી પદેથી હટાવાયા

## ફરિયાદો અને સરકાર પર ખતરો આવે તે પહેલાં મમતા બેનર્જી સરકારે પાર્થ ચેટર્જી પર કડક કાર્યવાહી કરી

કોલકાતા, તા.૨૮

પશ્ચિમ બંગાળના ઈન્ડસ્ટ્રી પ્રધાન પાર્થ ચેટરજી



પર કૌભાંડ અને ભ્રષ્ટાચારના આરોપ બાદ ઈડીની કાર્યવાહીમાં કરોડો રૂપિયાની રોકડ રકમ મળી આવતા અંતે મમતા બેનર્જી સામે ચેટરજીને પદભ્રષ્ટ કરવા અનેક ફરિયાદો મળી હતી. અંતે સરકાર પણ લાંછન લાગે તે પહેલાં જ બેનર્જીએ પાર્થ ચેટરજીને પ્રધાનપદેથી હટાવ્યા છે.

અહેવાલ અનુસાર ફરિયાદો અને સરકાર પર ખતરો આવે તે પહેલાં મમતા સરકારે પાર્થ ચેટર્જી પર કડક કાર્યવાહી કરી છે. પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડમાં ચેટરજીનું નામ આવ્યા બાદ તેમને મંત્રી પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. પાર્થ ચેટર્જી મમતા સરકારમાં ઉદ્યોગ મંત્રી હતા. તેઓ જ્યારે શિક્ષણ મંત્રી હતા ત્યારે આ આ એસએસસી કૌભાંડ થયું હતુ અને તે સંદર્ભે તેમની ધરપકડ કરવામાં આવી છે.

શિક્ષક ભરતી કૌભાંડમાં ઈડી દ્વારા પાર્થ ચેટરજીની ધરપકડ કરવામાં આવી છે. અર્પિતા મુખર્જીની ધરપકડ બાદ બાદ પાર્થની પણ ધરપકડ કરવામાં આવી હતી. અર્પિતાના ઘરે પાડવામાં આવેલા દરોડામાં લગભગ ૨૦ કરોડ રૂપિયાની રોકડ મળી આવતા સમગ્ર દેશમાં ચકચાર મચી ઉઠ્યો હતો. બુધવારે અર્પિતાના બીજા ઘરે પાડવામાં આવેલ બીજા દરોડામાં પણ લગભગ ૨૦ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. આ સાથે જ ત્યાંથી અંકે કિલો સોનું પણ મળી આવ્યું હતું. ઈડીનું માનવું છે કે આ એ જ પૈસા છે જે શિક્ષક ભરતી કૌભાંડમાં લાંચ તરીકે લેવામાં આવ્યા હતા. આ સિવાય તપાસ એજન્સીને અમુક નક્કર પુરાવા અને ફાઈલ પણ દરોડા દરમિયાન મળ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

ગુરૂવારે યોજાયેલ પશ્ચિમ બંગાળ કેબિનેટની બેઠકમાં ચેટરજીને હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમની પાસે રહેલ ઉદ્યોગ અને આઈટી ખાતું મમતા બેનર્જીએ પોતાની પાસે લીધું છે.

# ૧૭+ મતદાર યાદીમાં નામ નોંધાવી શકશે

## મતદાર યાદીમાં નામ ઉમેરવા સંદર્ભે નિયમો બદલાયા : મતદાન સમયે ઉમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી ફરજિયાત

નવી દિલ્હી, તા.૨૮

હવે મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે તા. ૧ જાન્યુઆરીએ ૧૮ વર્ષ કે તેથી વધુની ઉંમર ફરજિયાત નથી. કોઈપણ યુવાન કે જે ૧૭ વર્ષ કે તેથી વધારે ઉંમરનો હોય તે નામ નોંધાવી શકશે એવી જાહેરાત મુખ્ય ચૂંટણી કમિશનરે કરી છે. જોકે, મતદાન સમયે તેની ઉમર ૧૮ વર્ષ કે તેથી વધુની હોવી ફરજિયાત જ રહેશે.

મુખ્ય ચૂંટણી અધિકારી રાજીવ કુમાર તથા ચૂંટણી અધિકારી અનૂપ ચંદ્ર પાંડેના નેતૃત્વમાં ચૂંટણી પંચે તમામ રાજ્યોના મુખ્ય કાર્યકારી અધિકારીઓને ટેક્નિકલ સમાધાન તૈયાર કરવા માટે નિર્દેશ આપ્યો છે જેથી યુવાનોને વર્ષમાં ૩ વખત એડવાન્સમાં અરજી કરવાની સુવિધા મળી શકે.

ચૂંટણી પંચે કહ્યું છે કે હવે યુવાનો વર્ષમાં ત્રણ વખત એટલે કે ૧લી એપ્રિલ, ૧લી જુલાઈ અને ૧લી ઓકટોબરથી મતદાર આઈડી માટે અરજી કરી શકે છે. આ માટે યુવાનોએ ૧ જાન્યુઆરી સુધી રાહ જોવી પડશે નહીં. આ પછી દર ત્રણ મહિને મતદાર યાદી અપડેટ કરવામાં આવશે. તે જ સમયે, મતદાર આઈડી માટે પાત્રતા ધરાવતા યુવાનો વર્ષના આગામી ક્વાર્ટરમાં નોંધણી કરાવી શકે છે જેમાં તેમણે ૧૮ વર્ષ પૂર્ણ કર્યા છે.

કમિશને કહ્યું કે નોંધણી બાદ યુવાનોને ઈલેક્ટોરલ ફોટો આઈડેન્ટિટી કાર્ડ (એપિક) આપવામાં આવશે. તે જ સમયે, મતદાર યાદી ૨૦૨૩ માટે સુધારો

● અનુસંધાન પાન-૭ પર

# ઈડીને અર્પિતાના ઘરમાંથી ૨૯ કરોડ રોકડા, ૫ કિલો સોનું મળ્યું

## પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડમાં કાર્યવાહી : આ પહેલા અર્પિતાના અન્ય એક ઘરમાંથી ૨૦.૯ કરોડ રોકડા અને તમામ સંપત્તિના દસ્તાવેજો મળી આવ્યા હતા

નવી દિલ્હી, તા.૨૮

બુધવારે ઈડીએ શિક્ષક ભરતી કૌભાંડમાં ધરપકડ કરાયેલ



બંગાળના મંત્રી પાર્થ ચેટર્જીના નજીકના સહયોગી અર્પિતા મુખર્જીના અન્ય ઘરે પણ દરોડા પાડ્યા હતા. ઈડીને અર્પિતાના આ ઘરમાંથી પણ નોટોનો ખજાનો મળ્યો છે. ઈડીએ આ ઘર પર લગભગ ૧૮ કલાક દરોડા પાડ્યા હતા જેમાં ૨૯ કરોડ રૂપિયા રોકડા અને ૫ કિલો સોનું મળી આવ્યું હતું. આખી રાત નોટોની ગણતરી ચાલુ રહી હતી. આ ઉપરાંત સોનાના દાગીના અને બિસ્કિટ પણ મળી આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ ઈડીએ અર્પિતાના અન્ય એક ઘર પર દરોડા પાડ્યા હતા જેમાં તપાસ એજન્સી દ્વારા ૨૦.૯ કરોડ રૂપિયા રોકડા અને તમામ સંપત્તિના દસ્તાવેજો મળી આવ્યા હતા. તપાસ એજન્સી સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર અર્પિતા મુખર્જીના બંને ફલેટમાંથી અત્યાર સુધીમાં ૫૦ કરોડ રૂપિયાની રોકડ મળી આવી છે. આ અગાઉ બુધવારે સાંજે તપાસ એજન્સીઓની ટીમ કોલકાતાના બેલઘારિયા વિસ્તારમાં અર્પિતાના ઘરે પહોંચી હતી અને ફલેટની ચાવી ન હોવાને કારણે અધિકારીઓ તાળુ તોડીને ફલેટમાં ઘૂસી ગયા હતા. તાળુ તોડ્યુ અને તપાસ અભિયાન દરમિયાન સાક્ષી પણ બોલાવવામાં આવ્યા હતા. અર્પિતા મુખર્જીના આ ઘરમાંથી જંગી રોકડ જોઈને અધિકારીઓ દંગ રહી ગયા હતા.

# સોનિયા-સ્મૃતી વચ્ચે શાબ્દિક વિવાદ

## અધિર રંજન ચૌધરીના નિવેદનને રાષ્ટ્રપતિનું અપમાન ગણાવી સોનિયાને માફી માગવાનું કહેવાતા વાત વણસી




નવી દિલ્હી, તા.૨૮

કોંગ્રેસી નેતા અધીર રંજન ચૌધરીએ દેશના નવનિયુક્ત રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપત્ની કહ્યા તેને લઈને ભારે હોબાળો મચી ગયો છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે વિરોધ પક્ષ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું અપમાન કરી રહ્યો છે અને માંગણી કરી છે કે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ દેશની માફી માંગવી જોઈએ. પોતાના બચાવમાં લોકસભામાં કોંગ્રેસના નેતા ચૌધરીએ કહ્યું હતુ કે, તેમનો ઈરાદો રાષ્ટ્રપતિનું અપમાન કરવાનો ન હતો અને તેમણે ભૂલથી આવું કહ્યું હતું. તેમણે ભાજપ પર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે, ભાજપ આ મુદ્દે રાઈનો પર્વત બનાવી રહી છે. જોકે, ભાજપ આ મુદ્દે કોંગ્રેસ સામે આક્રમક બની છે.

સભાના લોઅર હાઉસમાં કોંગ્રેસી નેતા અધીર રંજન ચૌધરીના રાષ્ટ્રપતિ મુર્મુ અંગે કરેલા નિવેદનથી વિવાધ ઊભો થયો હતો. તેમણે મુર્મુને ભારતના પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિને રાષ્ટ્રપત્ની કહ્યા હતા. આ નિવેદનથી લોકસભામાં હોબાળો મચી ગયો હતો અને ભાજપે ચૌધરી પાસે માફીની માંગણી કરી હતી. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ચૌધરી પર ફક્ત મુર્મુ જ નહીં પરંતુ સમગ્ર આદિવાસી સમાજ, મહિલાઓ અને ગરીબોનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ચૌધરીની આ ટિપ્પણી માટે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી પાસે માફીની માંગણી કરતાં કહ્યું હતું કે તેમણે દેશના રાષ્ટ્રપતિ બનેલા ગરીબ આદિવાસી મહિલાનું અપમાન કરવાની છૂટ આપી છે.

આ દરમિયાન ગુરૂવારે લોકસભા ચેમ્બરમાં સોનિયા ગાંધી અને સ્મૃતિ ઈરાની વચ્ચે તકરાર થઈ ગઈ હતી. જેવું લોઅર હાઉસ

● અનુસંધાન પાન-૭ પર

## હિંદી ઓછું જાણવાને લીધે ભૂલથી રાષ્ટ્રપત્ની બોલાયું : અધીર રંજન ચૌધરી

નવી દિલ્હી, તા.૨૮

રાષ્ટ્રપતિના સ્થાન પર રાષ્ટ્રપત્ની શબ્દ બોલ્યા બાદ વિવાદોમાં ઘેરાયેલા કોંગ્રેસ સાંસદ અધીર રંજન ચૌધરીએ આ મુદ્દે સ્પષ્ટતા આપતા એક નિવેદનમાં કહ્યુ કે હું હિન્દી ભાષી નથી. મારાથી બોલવામાં શબ્દચૂક થઈ છે. સંસદમાં ભારે હોબાળો થયા બાદ તેમણે કહ્યુ કે તેઓ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી માફી માંગશે. અધીર રંજને પોતાની સફાઈમાં કહ્યું કે, હિન્દી ઓછુ જાણવાને કારણે ભૂલ થઈ છે. સૌથી પહેલાં તો હું એ કહેવા માંગીશ કે, બીજેપી રાઈનો પહાડ બનાવી રહી છે. એક રિપોર્ટર સાથે વાત કરતા મારા મોઢામાંથી રાષ્ટ્રપત્ની નિકળી ગયું. હિન્દુસ્તાનના રાષ્ટ્રપતિ, ભલે તે બ્રાહ્મણ હોય, ભલે મુસલમાન હોય કે આદિવાસી હોય અમારા માટે રાષ્ટ્રપતિ છે.

# રાંચીના બિરસા મુંડા એરપોર્ટને ઊડાવી દેવાની મળેલી ધમકી

## સીઆઈએફએસના જવાનોએ સર્ચ અભિયાન શરૂ કર્યું
## ધમકી મળ્યા બાદ રાંચી એરપોર્ટની સુરક્ષા વધારી દેવાઈ

રાંચી, તા.૨૮

ઝારખંડની રાજધાની રાંચી ખાતેથી મોટા સમાચાર સામે આવ્યા છે. રાંચી ખાતેના બિરસા મુંડા એરપોર્ટને બોમ્બથી ઉડાવી




દેવાની ધમકી મળી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ફોન ઉપર રાંચી એરપોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી મળ્યા બાદ સીઆઈએફએસના જવાનોએ સર્ચ અભિયાન શરૂ કરી દીધું હતું. ધમકી મળ્યા બાદ રાંચી એરપોર્ટની સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ સાથે જ બિરલા મુંડા એરપોર્ટના દરેક ખૂણાની તપાસ કરવામાં આવી હતી.

જો કે આ મામલે હજુ સુધી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા તરફથી કોઈ પણ અધિકારી લાંબા સમય સુધી કંઈ બોલવા માટે તૈયાર નહોતા. જો કે હવે રાંચી એરપોર્ટના ડાયરેક્ટર કેએલ અગ્રવાલે ધમકી મળ્યાના સમાચારને સમર્થન આપ્યું છે. કેએલ અગ્રવાલે જણાવ્યું હતું કે ધમકીનો કોલ આવ્યો હતો પરંતુ તપાસ બાદ આ કોલ અફવા કોલ નીકળ્યો હતો. ધમકીભર્યો કોલ આવ્યા બાદ એરપોર્ટ એરિયામાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું.

રાંચી એરપોર્ટના ડાયરેક્ટર અનુસાર શરૂઆતની તપાસમાં આ ધમકીભર્યો કોલ ડરાવનારો કોલ હતો. જો કે એરપોર્ટ ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

# ભારતીય વૈજ્ઞાનિકોને મળ્યો જીવીત મંકીપોક્સ વાયરસ

## રસી અને ટેસ્ટ કીટ બનાવવા માટે ટેન્ડર બહાર પડાયું : વાયરસને અલગ રાખવાથી અન્ય ઘણી દિશામાં સંશોધન અને વિકાસ કરવાની ભારતની ક્ષમતામાં વધારો થાય છે

નવી દિલ્હી, તા.૨૮

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR) હેઠળ પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વાઈરોલોજીના વૈજ્ઞાનિકોએ દર્દીના નમૂનામાંથી મંકીપોક્સ વાયરસને અલગ કર્યો છે, જે રોગ સામેની ટેસ્ટ કીટ અને રસી બનાવાવ માટેનો માર્ગ મોકળો કરી શકે છે.

અધિકારીઓએ આ વાત કહી. આ વાયરસને અલગ કરવા માટે વૈજ્ઞાનિકોની એક ટીમ બનાવવામાં આવી હતી. આ વાયરસને અલગ કરવાનો ફાયદો એ થશે કે હવે વૈજ્ઞાનિકો તેનાથી સંબંધિત ટેસ્ટ કીટ તૈયાર કરી શકશે.

ભારતે વાયરસને અલગ કર્યા પછી, ICMRને રસી વિકાસ અને પરીક્ષણ કીટમાં સંયુક્ત સહયોગ માટે અનુભવી રસી ઉત્પાદકો, ફાર્મા કંપનીઓ, સંશોધન અને વિકાસ સંસ્થાઓ અને ઈન-વિટ્રો ડાયગ્નોસ્ટિક (IVD) કીટ ઉત્પાદકો પાસેથી અભિવ્યક્તિની અભિરુચિ (EoI) પ્રાપ્ત થઈ છે.

NIV ના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. પ્રજ્ઞા યાદવે જણાવ્યું હતું કે વાયરસને અલગ રાખવાથી અન્ય ઘણી દિશામાં સંશોધન અને વિકાસ કરવાની ભારતની ક્ષમતામાં વધારો થાય છે.

આ સમાચાર ભારતમાં મંકીપોક્સના ચાર કેસના આગમન વચ્ચે આવ્યા છે. ડૉ. યાદવે કહ્યું, "નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વાયરોલોજીએ દર્દીના ટેસ્ટ સેમ્પલમાંથી સફળતાપૂર્વક મંકીપોક્સ વાયરસને અલગ કર્યો છે જે ભવિષ્યમાં ડાયગ્નોસ્ટિક કિટ અને રસીના વિકાસમાં મદદ કરી

● અનુસંધાન પાન-૭ પર

